**કૃપાકરી પ્રકાશનાર્થ** **૧૨ ફેબ્રૂઆરી ૨૦૦૯**

# મહિલાઓનો સંકલ્પ
# મોંઘવારી અને મંદી લાવનારી કોંગ્રેસ ન જોઈએ

**મુંબઈ,ગુરૂવાર :**"પાછલાં પાંચ વર્ષમાં ઘઉં ચોખા જેવી આવશ્યક વસ્તુઓનાં ભાવ બેગણા થી યે વધુ વધારનારી કોંગ્રેસ આપને જોઈએ ખરી ? " આ મુજબનો પ્રશ્ન જયારે ભાજપ નેતા શ્રી રામ નાઈકે કર્યો ત્યારે સેંકડો મહિલાઓની "ના ! - ના ! " થી સભા ગાજી ઉઠી.પંડિત દીન દયાળ ઉપાધ્યાય પુણ્યતીથી ના અવસરે ચારકોપ માં ભાજપ વૉર્ડ ક્ર.૧૮ દ્વારા આયોજીત મહિલા સંમ્મેલન અને હળ્દી - કંકુ સમારંભમાં શ્રી રામ નાઈક બોલી રહ્યાં હતાં.

"પંડિત દીનદયાળજીએ દરિદ્રનારાયણ ની સેવા ની શીખ આપી હતી.તેમુજબ ચાલતાં વાજપેયી સરકાર નો હમેશા પ્રયત્ન રહ્યો કે જીવનાવશ્યક વસ્તુઓ મોંઘી ન થાય," એમ કહી શ્રી રામ નાઈકે મહિલાઓ સમક્ષ અનેક વસ્તુઓનાં ભાવોની સરખામણી રજૂ કરી.હવે ડૉ.મનમોહન સિંહ ના કાર્યકાળમાં રૂ.૨૦ કિલો દીઠ મળનારાં ઘઉં અને રૂ.૨૨ કિલો દીઠ મળનારાં ચોખા,વાજપેયીજી નાં કાર્યકાળમાં માત્ર રૂ.૯ અને રૂ. ૧૦ ના ભાવે મળતાં હતાં.હવે રૂ.૩૨ ના ભાવે ગોળ અને રૂ. ૨૩ ના ભાવે સાકર મળે છે,આ બંન્ને વસ્તુ મે ૨૦૦૪ માં ફકત રૂ.૧૪ માં ઉપલબ્ધ હતી અને એ તો ઠીક પણ તેવેળાં ફકત ૮૦ રૂ. કિલોએ મળનારી ચાની ભૂકી હવે રૂ.૧૮૦ એ ઉપલબ્ધ છે,એ પણ શ્રી રામ નાઈકે યાદ દેવડાવ્યું હતું.ત્યારે નારાજ મહિલાઓએ 'મોંઘવારી લાવનારી કોંગ્રેસ સરકાર ન જોઈએ' ના જોરદાર નારા લગાવ્યા હતાં.દેશમાં વધી રહેલી મોંઘવારી અને મંદી વિષે વિસ્તારપૂર્વક માહિતી આપનારૂં પત્રક પણ શ્રી રામ નાઈકે આપ્યું,અને ઘરે-ઘરે જઈ મહિલાઓને માહિતી આપવાનું આવાહ્ન કર્યું.

"સઘળો ગૃહ ઉત્પાદન (GDP) પણ ઘટી રહ્યો છે.પાછલું બજેટ રજૂ કરતી વેળાં નાણાં પ્રધાન ડૉ.પી.ચીદંબરમે ગૃહ ઉત્પાદન ૧૦ ટકા કરવાની જાહેરાત કરી હતી.પણ હવે તે માંડ ૭.૧ ટકા છે.એટલુંજ નહીં પણ ૧.૨૫ કરોડ લોકો બેરોજગાર થયાં છે.આવી પરિસ્થિતીમાં સામાન્ય માણસ મોંઘવારી નો સામનો કઈ રીતે કરી શકે ?" આમુજબનો પ્રશ્ન આ પ્રસંગે બોલતી વેળાં ભાજપ ઉત્તર મુંબઈનાં અધ્યક્ષ અને નગરસેવક શ્રી યોગેશ સાગરે કર્યો હતો.ભાજપ મહિલા મોર્ચા મુંબઇનાં અધ્યક્ષા શ્રીમતી વિંદા કીર્તીકરે કહ્યું હતું કે,"આજે પણ સહુથી વધુ મહિલા સાંસદ ભાજપ ની છે.એવામાં મહિલાઓનો, પરિવારનો ખ્યાલ કરવો હોયતો મહિલાઓએ આવતી ચૂંટણીમાં સક્રિય થવું પડશે."નગરસેવિકા શ્રીમતી શૈલજા ગિરકર નું પણ આ પ્રસંગે ભાષણ થયું હતું.સ્થાનિક મહિલા નેતા શ્રીમતી લીના દહેરકર,શ્રીમતી દર્શના મલકાણ,શ્રીમતી સુનીતા રેવાળે,વગેરે આ પ્રસંગે ઉપસ્થિત હતાં.

શ્રીમતી જયોતી ઘોલપ,શ્રીમતી સંગીતા પવાર,શ્રી યોગેશ પડવળ વગેરે એ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

**( કાર્યાલય મંત્રી )**

**સંલગ્ન : મોંઘવારીનું પત્રક**

**11 ફેબ્રૂઆરી 2009**
**પંડિત દીનદયાળ ઉપાધ્યાય પૂણ્યતીથી**

**ભારતીય જનતા પક્ષ**
**કોંગ્રેસનો હાથ,મોંઘવારીની સાથે**
**જીવનાવશ્યક વસ્તૂઓનાં વધતાં ભાવો**
**(બધાંજ ભાવ મુંબઈની દુકાનોનાં છે - સંકલક શ્રી રામ નાઈક)**

| વસ્તૂ | ભાજપ નાં શાસન માં ભાવ (પ્રતિ કિલો) મે 2004 | કોંગ્રેસ શાસનમાં ભાવ (પ્રતિ કિલો રૂ. ) **2 ફેબ્રૂઆરી 2009** | (વૃધ્ધી પ્રતિશત) |
|---|---|---|---|
| ઘઉં | 9 | 20 | 122 % |
| ચોખા | 10 | 22 | 120 % |
| સાકર | 14 | 23 | 64 % |
| ચાની ભૂકી | 80 | 180 | 125 % |
| તેલ | 40(લિટર દીઠ) | 86(લિટરદીઠ) | 115 % |
| ડાલડા | 40 | 60(લિટર દીઠ) | 50 % |
| મગની દાળ | 24 | 54 | 125 % |
| મસૂર ની દાળ | 22 | 68 | 209 % |
| ચણાની દાળ | 25 | 42 | 68 % |
| ગોળ | 14 | 32 | 128 % |
| ચણાનો લોટ | 20 | 48 | 140 % |
| બટેટા | 8 | 12 | 50 % |
| કાંદા | 6 | 20 | 233 % |
| ટમેટા | 9 | 10 | 11 % |
| દૂધ | 14 (લિટરદીઠ) | 28 (લિટર દીઠ) | 100 % |
| ઘાસલેટ | 18 (લિટર દીઠ) | 25 (લિટર દીઠ) | 39 % |
| રાંધણ ગેસ | 244 (સિલિંડર દીઠ) | 312 (સિલિંડર દીઠ) | 29 % |
| પેટ્રોલ | 33.15 (લિટર દીઠ) | 44.60 (લિટર દીઠ) | 34 % |
| ડિઝલ | 22.50 (લિટર દીઠ) | 34.50 ( લિટર દીઠ) | 53 % |

મુબઈ નો ગ્રાહક મૂલ્ય નિર્દેર્શાંક (Consumer Price Index) મા. અટલ બીહારી વાજપેયી ની સરકાર વેળા મે 2004 માં 428 હતો. ડૉ.મનમોહન સિંહ ની કોંગ્રેસ સરકાર નાં કાર્યકાળમાં એ વધીને જૂન 2005 માં 442 થઈ ગયો, જૂન 2006 માં તેણે 468 સૂધી તો જૂન 2007 માં 496 કૂદકો માર્યો. માર્ચ 2008 માં તે 528 સૂધી ઉછળી ગયો છે.આ 23 ટકા ની વૃધ્ધી છે.ત્યાર બાદ **એપ્રિલ 2008 થી ગ્રાહક મૂલ્ય નિર્દેશાંકની જાહેરાત કરવાનુંજ સરકારે બંધ કરી દીધૂં છે.**

બીજી બાજૂ મોંઘવારી નિર્દેશાંક (મુદ્રાસ્ફીતી) 6 સપ્ટેંબર 2008 નાં છેલ્લાં અઠવાડિયે 12.14 ટકાએ વધેલ છે,**જે છેલ્લાં 16 વર્ષોમાં સહૂથી વધૂ છે**.હવે મોંઘવારી નિર્દેશાંક ભલે ઓછો થઈ 5.07 થયો હોય,તે બહાર પાડતી વખતે જથ્થાબંધ ભાવો ધ્યાન માં લેવામાં આવ્યાં છે,સામાન્ય માણસને હજૂ પણ જીવનજરૂરિયાત ની વસ્તૂઓ ખૂબ મોંઘા ભાવે ખરીદવી પડે છે તેનું પણ ધ્યાન રાખવું જોઈએ.

બીજી બાજૂ નાણાં પ્રધાન ડૉ.પી ચિદંબરમે 2008-09 નું બજેટ રજૂ કર્યું ત્યારે સઘળા ગૃહ ઉત્પાદનો(જીડીપી) ઓછામાં ઓછા બે આંકડામાં અર્થાત 10 ટકા થીયે વધૂ થશે એવી જાહેરાત કરી હતી.પણ અસલમાં ગૃહ ઉત્પાદન આવર્ષે ફકત 7.1 ટકા રહેશે તેવી જાહેરાત ખુદ ભારત સરકારે 9 ફેબ્રૂઆરી 2009 ના કરેલ છે.આનો અર્થ એ છે કે હવે દેશમાં મંદી છે.**પરિસ્થિતી એટલી વણસી ગઈ છે કે 1.25 કરોડ લોકો બેકાર બન્યાં છે** અને 25 લાખ અર્ધા બેકાર બન્યાં છે.હવે કહો,આ પરિસ્થિતીમાં સામાન્ય માણસ કમરતોડ મોંઘવારીનો ભાર કઈ રીતે ઉચકે ?

**ભાજપ સરકાર કેવી હતી અને હવે કોંગ્રેસ સરકાર કેવી છે? તમે જ વિચાર કરો !**